સિંચાઇ વ્યવસ્થા માટેના પેટા વિભાગોની કાર્યબોજ તથા તેનાં મહેકમ માટેના ધોરણો
<u>નક્કી કરવાં બાબત.</u>

સિંચાઇ વિભાગ,
ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક: ઇએસટી/૧૧૭૭/૫/ગ.
સચિવાલય, ગાંધીનગર. તા. ૧૫-૧-૮૦.

સંદર્ભ : ૧: સરકારી પત્ર ક્રમાંક: ઇએસટી-૧૦૬૫-ગ, તા. ૧૮-૧-૬૬.

૨: સરકારી ઠરાવ ક્રમાંક: ઇએસટી/૧૧૭૫/૧૩/ગ. તા. ૨૨-૬-૭૮.

<u>ઠ રા વ.</u>

સરકારનાં વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ તરફથી સિંચાઇ વ્યવસ્થા માટેના પેટા વિભાગોનો કાર્યબોજ તથા તેનાં મહેકમ અંગેના ધોરણો અંગે અભ્યાસ કરીને અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. આ અહેવાલની જુદી જુદી ભલામણો અંગે વિગતવાર વિચારણા કર્યા પછી કેટલીક ભલામણો સરકારે સ્વીકારી છે. આ ભલામણો મુજબ સંદર્ભમાં દર્શાવેલ હુકમોમાં અંશતઃ ફેરફાર કરી નીચે મુજબ સુધારેલ માપદંડ નક્કી કરવામાં આવે છે.

૧: પેટા વિભાગ કક્ષાએ સિંચાઇની કાર્યબોજ ખરેખર સિંચાઇનાં આંકડાને આધારે નક્કી કરવો.

૨: જુની અને દસ વર્ષ કરતાં વધુ સમયથી સુસ્થાપિત સિંચાઇ વાળી મોટી જળસિંચન યોજનાઓ પર છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થયેલી ખરેખર વધુમાં વધુ સિંચાઇ ૩૧,૦૦૦ એકર હોય તો તે માટે ક્રમશઃ ૪૦,૦૦૦ એકર સુધી પહોંચે ત્યાં સુધી એક પેટા વિભાગ, ૪ સેકશન અને ૨૦ બીટ મંજુર કરવા એક બીટ પાસે સરેરાશમાં ૧૩૦૦ એકરની કાર્યબોજ હોવો જોઇએ. વધુમાં વધુ જે ખરેખર સિંચાઇ થઇ હોય તેના આધારે દર પાંચ વર્ષે મહેકમની પરિસ્થિતિની સમીક્ષા કરવી.

૩: ઉપર જણાવેલ ૪ સેકશન ઉપરાંત હેડવર્કસ, વસાહત સ્ટોર્સ, ઇન્સ્પેકશન બંગલો વિગેરેની જાળવણી તથા અન્ય સામાન્ય કામગીરી માટે જરૂરી લાગે તેવા કેસોમાં એક વધારાનું સેકશન મંજુર કરવું.

૪: પેટા વિભાગમાં આ સાથેના પત્રક મુજબ કુલ ૬૪ જગ્યાઓ મંજૂર કરવી. આ ઉપરાંત પેટા વિભાગ કચેરી માટે એક પાર્ટટાઇમ સ્વીપરની જગ્યા પણ મંજૂર કરવી.

૫: સિંચાઇ વ્યવસ્થા માટે પેટા વિભાગમાં કોઇ પણ કર્મચારી વર્કચાર્જ મહેકમ ઉપર રાખી શકાશે નહીં. ડ્રાઇવરો, વાહનો માટેના ક્લીનરો, ઇન્સ્પેક્શન બંગલા માટેના ચોકીદાર વિગેરે જગ્યાઓ પણ વર્કચાર્જ મહેકમ ઉપર નહીં રાખતાં કાયમી મહેકમ ઉપર રાખવાની રહેશે. વર્કચાર્જ જગ્યાઓનું કાયમી જગ્યાઓમાં રૂપાંતર કરવામાં આવે તો પણ ઉપરોક્ત માપદંડ મુજબ પેટા વિભાગમાં નિયત થયેલ જગ્યાઓ કરતાં વધુ જગ્યાઓ રાખી શકાશે નહીં.

૬: પેટા વિભાગ માટે મંજૂર થયેલ મહેકમ વચ્ચે કામની વહેંચણી કાર્યપાલક ઇજનેરશ્રીની સલાહથી નાયબ ઇજનેરશ્રી કરી શકશે.

૭: મધ્યમ સિંચાઇ યોજનાઓ માટે મોટી યોજનાઓના જેમજ બીટની વ્યવસ્થા રાખી શકાશે. દરેક મધ્યમ યોજના માટે બીટની સંખ્યા જોતાં પુરતું સમર્થન મળે નહીં તો પણ એક અલગ સેક્શન મંજૂર કરવું. એક પેટા વિભાગ નીચે ચાર કરતાં વધુ યોજનાઓ રાખવી નહીં. પરંતુ છુટી : Isolated : મધ્યમ યોજનાઓ હોય એવા વિસ્તારમાં યોગ્ય ગોઠવણ કરીને અન્ય પેટા વિભાગ સાથે એક કે બે યોજના રાખી શકાશે.

૮: સિંચાઇની શરૂઆત થયાને ૧૦ વર્ષ કરતાં ઓછો સમય થયો હોય તેવી નવી અને વિકસતી સિંચાઇ યોજના માટે મંજૂર કરવાનું મહેકમ ઉત્પન્ન થયેલી સિંચાઇ શક્યતાની ટકાવારી સાથે જોડીને શરૂઆતના પાંચ વર્ષો માટે નીચે મુજબ મંજૂર કરવું.

| | | સિંચાઇ શક્યતા |
|---|---|---|
| પહેલું વર્ષ. | (Potential) of | ૫૦ ટકા. |
| બીજું વર્ષ. | " | ૬૦ ટકા. |
| ત્રીજું વર્ષ. | " | ૭૦ ટકા |
| ચોથું વર્ષ. | " | ૮૦ ટકા. |
| પાંચમું વર્ષ. | " | ૧૦૦ ટકા. |

## પત્રક.

સિંચાઈ વિભાગના તા. ૧૫-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક: ઇએસટી-૧૧૭૭-૧૫૧ -ગ.૩ નું બિડાણ.

### સિંચાઈ વહીવટ માટેના ઓડિટ વિભાગના મહેકમનું પત્રક.

| ક્રમાંક: | જગ્યાનું નામ. | જગ્યાની સંખ્યા. | વિશેષ નોંધ. |
|---|---|---|---|
| ૧: | ૨: | ૩: | ૪: |
| ૧: | નાયબ ઇજનેર. | ૧ | |
| ૨: | જુનીયર એન્જીનીયર. | ૧ | પેટા વિભાગની પ્રોફેશનલ સલાહ માટે. |
| * ૩: | સુપરવાઇઝર. | ૧ | સેક્શનના વડા તરીકે. |
| * ૪: | ઓવરસીયર. | ૩ | |
| ૫: | ટેકનીકલ આસી./સબ-ઓવરસીયર. | ૨ | જાળવણી દુરસ્તી, મુખ્ય કામો અને બાંધકામોમાં સેક્શન ~~ઓવરસીયરની~~ મદદ માટે. ઓફિસર |
| ૬: | સીનીયર ક્લાર્ક. | ૧ | |
| ૭: | જુનીયર ક્લાર્ક. | ૨ | |
| ૮: | ટ્રેસર. | ૧ | |
| * ૯: | સેક્શનલ બીટકારકુન. | ૩૨ | ૧૪ સેક્શન દીઠ-૧ અને ૨૦ બીટ માટે ૧ તથા પરચુરણ કામો માટે સેક્શન દીઠ-૨ |
| ૧૦: | ડ્રાઇવર. | ૧ | જો વાહન આપાયું હોય તો |
| ૧૧: | પટાવાળા. | ૨ | |
| ૧૨: | ચોકીદાર. | ૧ | જ્યાં જરૂર હોય ત્યાં ઓફિસ સમય પછી ઓફિસની દેખરેખ માટે. |
| * ૧૩: | સેક્શનલ બીટ ચોકીદાર | ૨૪ | સેક્શનો માટે-૪ તથા બીટ માટે-૨૦. |
| ૧૪: | ચોકીદાર. | ૧૨ | જુદીજુદી ઇમારતો જેવી કે કોલ રેગ્યુલેટર્સ, કેનાલ ટેલીફોન ડ્યુટી વિગેરે માટે. |
| | કુલ જગ્યાઓ. | ૮૪ | |

** બાર કે વધુ ઓછા બીટવાળા પેટા વિભાગ માટે તેમજ છ કે વધુ ઓછા બીટવાળા સેક્શન માટે જગ્યાઓની સંખ્યા ઓછી રહેશે.

પી. ડી. પટેલ.
સેક્શન અધિકારી
સિંચાઈ વિભાગ.

પુનમી.

૨: સિંચાઈ વ્યવસ્થા માટેના પેટા વિભાગના મહેકમ માટે હવેથી ઉપર મુજબના ધોરણો લાગુ પડશે.

૩: ઉપર જણાવેલ ધોરણોને આધારે હાલના સિંચાઈ વ્યવસ્થા માટેના પેટા વિભાગોના મહેકમોમાં જરૂરી ફેરફાર કરવાનો રહેશે. આ અંગે જરૂરી વિગતો સાથે મહેકમમાં ફેરફાર કરવા અંગેની દરખાસ્તો સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીઓએ તાત્કાલિક સરકારમાં રજૂ કરવી.

૪: આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૦—૯—૭૬ની સહમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

: પી. ડી. પટેલ. :
સેક્શન અધિકારી,
સિંચાઈ વિભાગ.

પ્રતિ,
સિંચાઈ વિભાગ હેઠળના બધા અધિક્ષક ઈજનેરશ્રીઓ પથારવ સહિત.